RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 43 * Date: 02.12.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સવારે ઠંડી, બપોરે ગરમી! રાજ્યમાં બેવડી ઋતુના અહેસાસ વચ્ચે હવામાન વિભાગની મોટી આગાહી



ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધતો જાય છે, ત્યારે સવારે ઠંડી અને બપોરે ગરમીનું બેવડી ઋતુનો અહેસાસ થાય છે. બીજી તરફ, રાજ્યમાં આગામી સાત દિવસ માટે હવામાન વિભાગે ઠંડી-વાતાવરણને લઈને આગાહી કરી છે. જ્યારે રાજ્યમાં અમદાવાદ સહિતના શહેરોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, ત્યારે ગઈ કાલે શનિવારે અમદાવાદમાં રાત્રીનું તાપમાન ૧૫.૪ ડિગ્રી પહોંચ્યું હતું. આજે રવિવારે રાજ્યમાં ઠંડા પવનની લહેર વર્તાઈ હતી.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી સાત દિવસમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યભરમાં શુષ્ક હવામાનની સંભાવના છે. અમદાવાદ સહિતના વિસ્તારોમાં આજે રવિવારે વહેલી સવારે ઠંડા પવનની અસર વર્તાઈ હતી. બીજી તરફ, રાત્રી અને વહેલી સવારના સમયે ઠંડુ વાતાવરણ રહે છે. જેમાં ૨૯મી નવેમ્બરની રાત્રે અમદાવાદમાં ૧૬ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે ગઈ કાલે શનિવારની રાત્રે ૧૫.૪ ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું. આમ રાત્રીના સમયે તાપમાનમાં ઘટાડો થતો જોવા મળે છે. હવામાન નિષ્ણાતોના મતે અમદાવાદમાં ડિસેમ્બરમાં પણ પ્રથમ આઠ દિવસ કડકડતી ઠંડી પડવાની સંભાવના નહીંવત્ છે.

હવામાન વિભાગ મુજબ, આગામી સાતમી ડિસેમ્બર સુધી લઘુતમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રીની આસપાસ જ રહી શકે છે. આ પછી પારો તબક્કાવાર ઘટવા લાગતાં ઠંડીમાં વધારો અનુભવાશે. ૨૦મી ડિસેમ્બર બાદ પારો ૧૧ ડિગ્રીથી નીચે જવાની સંભાવના છે.

જ્યારે નલિયામાં ૧૨.૪, વડોદરામાં ૧૩, ડીસામાં ૧૩.૮, પોરબંદરમાં ૧૩.૮, રાજકોટમાં ૧૪.૭, ગાંધીનગરમાં ૧૫.૯, ભુજમાં ૧૬.૨, સુરેન્દ્રનગરમાં ૧૬.૫, ભાવનગરમાં ૧૭.૫, દ્વારકામાં ૧૮.૫, સુરતમાં ૧૮.૮, ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન હતું. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ત્રણ દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફારની સંભાવના નથી. આ પછીના ચાર દિવસમાં તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો થશે.

## ડાંગ જિલ્લા સુબીર તાલુકાના પૂર્વ પટ્ટી વિસ્તાર મા ભ્રસ્ટાચાર..!

# ખાભલા ગ્રામ પચાયતનાં મોહુપાડા ગામ માં વિવેકાધીન યોજના માં નાળાનાં કામ માં વેઠ ઊતારી લાખો રૂપિયા કટકી થઈ રહી



૧.સુબીર તાલુકા પચાયતનાં એસો મમતાબેનએ જણાવ્યું છે કે મોહુપાડા ગામે સંગ્રહ તળાવ પાસે નાળા સિમેન્ટ ક્રોકીટનું નાળુ નાળાનું કામ છે

૨.ખાલભા ગ્રામ પચાયતનાં વહીવટદાર દેસાઈ કિષ્ણા હું નવો આવ્યો છે આ બાબતે મને ખ્યાલ નથી આ કામમાં મે સહીઓ કરી મને જાણ નથી

૩સુબીર તાલુકા વિકાસ હાથીવાલા એ જણાવ્યું છે કામ બાબતે મને જાણ નથી તપાસ યોગ્ય કાર્યવાહી કરૂ છું.

આહવા-ડાંગ

ડાંગ જિલ્લા પચાયતનાં સુબીર તાલુકા પચાયતનાં ખાભલા ગ્રામ પચાયતનાં મોહુપાડા ગામે સંગ્રહ તળાવ પાસે નાળાનું કામ કામ મંજુર થયું છે જે કામ ખાભલા ગ્રામ પચાયત દ્વારા થયું છે જે નાળા કામ માં સિમેન્ટ ક્રોકીટનું પાકુ બાધકામ કરવાનું હોય છે પરંતુ ગ્રામ પચાયતનાં શાસકો નિમ્નકક્ષાની રેતી અને નદીનાં ગોટા પથ્થર નાંખવામાં વેઠ જ ઊતારવામાં આવી છે તથા નળા પણ નાના નાંખવામાં આવ્યાં છે ૩.૫૦ લાખનાં કામ માં લાખો રૂપિયા કટકી કરી છે નાળું સગ્રહ તળાવ પાસે કોતરડા પર બનાવવાનું હતું પરંતુ ખાભલા ગ્રામ પચાયતનાં વહીવટદાર અને તલાટી કમ મંત્રીએ ખેતરનાં બાજુમાં કોટરડા સિવાય સપાટ જમીન બનાવી દીધું છે કામ વગર સપાટ જમીન બનાવી સરકારનાં લાખો રૂપિયા પાણી માં ગયાં છે ગામલોકો કામ માં યોગ્ય તપાસ કરી સરકારનાં લાખો રૂપિયા વાપરી નાંખનાર સામે યોગ્ય તપાસ થાય તેવી માંગણી કરી રહયાં છે

સ્થાનીક લોકોનાં જણાવ્યા અનુસાર આ કામ સુબીર તાલુકા પચાયતનાં તાલુકા સદસ્ય રતિલાલ રાઊત પોતે કરી રહયાં છે જેથી તેમની ભાજપ સરકાર હોવાથી ખુલ્લેઆમ ભષ્ટ્રાચાર આચરી રહયાં છે

# ઉમરેઠમાં મંજૂરી વિના લગાવેલા હોર્ડિંગ્સ ઉતારવા ગયેલી પાલિકાની ટીમ પર હુમલો




આણંદ જિલ્લામાં આવેલ ઉમરેઠ નગરપાલિકામાં મહિલા ચીફ ઓફિસર અને કર્મચારીઓ ઉપર કેટલાક શખસોએ હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. ઉમરેઠમાં સરકારી જગ્યામાં મંજૂરી વિના ગેરકાયદે રીતે લગાવાયેલા હોર્ડિંગ્સ ઉતારવા ગયેલી પાલિકાની ટીમ સામે કેટલાક શખસોએ બોલાચાલી કરી હતી. જે બાદ આ મામલો ઉગ્ર બનતાં એક શખસે પાલિકના મહિલા ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીને લાફો માર્યો હતો. હાલ આ મામલે પોલીસે ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરેઠ નગરપાલિકાના ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીએ જણાવ્યું હતું કે,ઉમરેઠ નગરપાલિકા દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન જાગનાથ ભાગોળ ગેટ નજીક નગરપાલીકાની હદમાં ગેરકાયદે રીતે લગાવેલા હોર્ડિંગ્સ લાગેલા હતા. તેને દૂર કરવાની કામગીરી કરતા કેટલા શખસોએ પાલિકાની ટીમ સાથે બોલાચાલી કરી હતી. આ દરમિયાન જાઈદ પઠાણે મને લાફો માર્યો હતો. જ્યારે મુસ્તાક મહેમુદમિયા બેલીમે પાલિકાકર્મી નીતિન પટેલને ત્રણથી ચાર લાફા માર્યા હતા. તેમણે કહ્યું હતું કે જો અમારા લગાવેલ બોર્ડ ઉતારશો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકીઓ આપીને ભાગી ગયાં હતાં.'ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ઉમરેઠ પોલીસે જાઈદ પઠાણ, મુસ્તાક મહેમુદમિયા બેલીમ, તોફિક પઠાણ, જુનેદ ચકલાસી અને ફરીદખાન પઠાણ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં એ.ટી.એસ એ 'અમીચંદ'ને પકડ્યો પાક. માટે કરતો હતો જાસૂસી

ગુજરાતમાં છ્જીએ ફરી એકવાર ભારતીય સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. અગાઉ પણ ઘણા લોકો આવી હનીટ્રેપમાં ફસાઈને પાકિસ્તાની એજન્ટોને આવી માહિતી આપતા હતા ગુજરાત છ્જીએ ફરી એકવાર ભારતીય સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. અગાઉ પણ ઘણા લોકો આવી હનીટ્રેપમાં ફસાઈને પાકિસ્તાની એજન્ટોને આવી માહિતી આપતા હતા અને કેટલીક વખત અમુક રૂપિયાના બદલામાં પણ મહત્વની માહિતી તેમના સુધી પહોંચી જતી હતી.

આ વખતે પકડાયેલ આરોપી ઓખા પાસે રહેતો હતો અને ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. છ્જીએ આ તમામ માહિતી મેળવી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ગુજરાત એટીએસના સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ભારતીય કોસ્ટ ગાર્ડ અને દરિયાઈ સરહદ અંગેની કેટલીક મહત્વની માહિતી છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાન પહોંચી રહી હતી. આ સમગ્ર મામલે ગુજરાત એટીએસની ટીમ થોડા દિવસોથી ઓખાના એક વ્યક્તિ પર નજર રાખી રહી હતી. જેનું નામ દિનેશ ગોહિલ તરીકે સામે આવ્યું છે.

જ્યારે પોલીસે તેની ધરપકડ કરી ત્યારે સામે આવ્યું કે તેણે ત્યાંના કોસ્ટ ગાર્ડ વિશે ઘણી માહિતી આપી હતી. હવે એટીએસ એ તપાસ કરી રહી છે કે તે કયા મોડ્યુલ સુધી અને કેવી રીતે પહોંચ્યો. દિનેશ ગોહિલ પાકિસ્તાનના કેટલાક લોકોના સંપર્કમાં આવ્યો હતો અને તેણે કોસ્ટ ગાર્ડ અને ભારતીય દરિયાઈ સરહદના કેટલાક મહત્વના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા અને અન્ય કોઈ માધ્યમથી પાકિસ્તાનમાં કોઈને મોકલ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે હવે દિનેશ જ્યાં કામ કરતો હતો તે કંપનીના કેટલાક લોકોની પૂછપરછ કરી છે અને તેના સંપર્કમાં રહેલા લોકોની પણ તપાસ શરૂ કરી છે.

એક મહિના પહેલા પોરબંદરમાંથી જાસૂસ પણ ઝડપાયો હતોદેવભૂમિ દ્વારકા જિલ્લાની જેમ કોસ્ટગાર્ડની જાસૂસી કરનાર એક વ્યક્તિ એક મહિના પહેલા પોરબંદરમાંથી છ્જીના હાથે ઝડપાઈ ગયો હતો. એક મહિના પહેલા ગુજરાત છ્જીની ટીમને માહિતી મળી હતી કે પોરબંદરનો એક વ્યક્તિ છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાની આર્મી કે જાસૂસી સંસ્થાૌંજૈંના અધિકારી કે એજન્ટના સંપર્કમાં છે. આ વ્યક્તિ પોરબંદર કોસ્ટ ગાર્ડની કેટલીક માહિતી લીક કરીને પાકિસ્તાન મોકલે છે.

જેને લઈને ગુજરાત એટીએસની ટીમે પંકજ કોટિયા નામના શકમંદ પર નજર રાખવાનું શરૂ કર્યું હતું. આ પછી પોલીસે પંકજની અટકાયત કરી હતી. આરોપી પંકજની ધરપકડ બાદ જ્યારે ગુજરાત છ્જીએ તેની પૂછપરછ કરી ત્યારે જાણવા મળ્યું કે તે પોરબંદર કોસ્ટ ગાર્ડ જેટી અને જેટી પર હાજર ભારતીય કોસ્ટ ગાર્ડની બોટ વિશેની સંવેદનશીલ માહિતી સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાન મોકલતો હતો. આ પછી છ્જીએ તેની સામે કેસ નોંધીને તેની ધરપકડ કરી હતી.

# જૂનાગઢમાં દીકરીનો જન્મ થતાં માતાપુત્રીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવ્યા

જૂનાગઢ,

સરકાર "બેટી બચાવો બેટી પઢાવો"ને ગમે તેટલી પ્રોત્સાહન આપે, તો પણ ઘણા લોકોની માનસિકતા બદલાઈ નથી. કારણ કે સમાજમાં દીકરીઓને બોજ માનતા લોકોની સંખ્યા ઘટી નથી. આવો જ એક કિસ્સો જૂનાગઢમાં પ્રકાશમાં આવ્યો છે,

જ્યાં દીકરીનો જન્મ થતાં જ માતા-પુત્રીને ઘરની બહાર કાઢી મુકવામાં આવ્યા હતા. સરકાર "બેટી બચાવો બેટી પઢાવો"ને ગમે તેટલી પ્રોત્સાહન આપે, તો પણ ઘણા લોકોની માનસિકતા બદલાઈ નથી. કારણ કે સમાજમાં દીકરીઓને બોજ માનતા લોકોની સંખ્યા ઘટી નથી. આવો જ એક કિસ્સો જૂનાગઢમાં પ્રકાશમાં આવ્યો છે,

જ્યાં દીકરીનો જન્મ થતાં જ માતા-પુત્રીને ઘરની બહાર કાઢી મુકવામાં આવ્યા હતા. આ મહિલા અને તેની એક વર્ષની પુત્રીને આ મહિલા હવે પોતાને અને તેની પુત્રીને ન્યાય મેળવવા પોલીસ સ્ટેશને આવી છેપઆ મહિલાનું નામ છે ગાયત્રીબેન મેઘાણી અને તેની એક વર્ષની પુત્રી પ્રીશાપઆઠ વર્ષ પહેલા ગાયત્રીબેનના લગ્ન થયા હતા.

જૂનાગઢના વાંઝાવાડના રહેવાસી ગાયત્રીબેન મેઘાણીને તેના સાસરિયાઓ વારંવાર મારતા હતા અને શારીરિક અને માનસિક ત્રાસ વચ્ચે ગાયત્રીબેને એક પુત્રને જન્મ આપ્યો હતો એક વર્ષ પહેલા ગાયત્રીબેને એક સુંદર પુત્રીને જન્મ આપ્યો હતો અને પુત્રીનો જન્મ થતાં જ સાસરીયાઓએ પરિણીતાને ઘરની બહાર કાઢી મુકી હતી. આ ક્રમ એક વર્ષથી ચાલી રહ્યો છે.

પરિણીત મહિલા તેની માતાના ઘરે રહે છે એટલું જ નહીંપ અગાઉ પણ એક વખત ગાયત્રીબેન મેઘાણી જ્યારે ગર્ભવતી હતા ત્યારે તેમના પતિ આશિષ મેઘાણી અને તેમના સાસરિયાઓએ જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં પ્રેગ્નન્સી ટેસ્ટ કરાવ્યો હતો અને જ્યારે તેમને ખબર પડી હતી કે તેમને દીકરી થવાની છે. તેણે ગર્ભપાત કરાવ્યો અને ત્યારબાદ આ પુત્રીનો જન્મ થયો. ગાયત્રીબેને તેના સાસરીયાઓ પર અંધશ્રદ્ધાળુ હોવાનો આરોપ લગાવ્યો છે.

અને બે દિવસ પહેલા તે તેના સાત વર્ષના પુત્રને મળવા તેની સાસરીમાં ગઈ હતી ત્યારે તેને મળવા દેવાઈ ન હતી અને તેનું અપમાન કરીને તેને ઘરની બહાર કાઢી મૂકાઈ હતી. આનાથી કંટાળીને તેણે દવા પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમગ્ર મામલા ને લઈને ગાયત્રીબેન મેઘાણી ને ન્યાય મળે અને પોતાની દીકરીનું ભવિષ્ય ન બગડે તે માટે મહિલા પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે તેમાં ગાયત્રીબેનના પતિ આશીષભાઇ ઘનશ્યામભાઇ મેઘાણી, સાસુ હીરાબેન ઘનશ્યામભાઈ મેઘાણી, અને નણંદ ભારતીબેન ઘનશ્યામભાઈ મેઘાણી સામે ફરિયાદ નોંધાવી છે અને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## તંત્રી સ્થાનેથી..

# જીડીપી વૃદ્ધિ દર નીચો આવતા રિઝર્વ બેન્ક માટે વ્યાજ દરનો નિર્ણય કસોટીરૂપ બનવાના એંધાણ

વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશનો આર્થિક વિકાસનો (જીડીપી) વૃદ્ધિ દર ઘટીને આવ્યો છે જ્યારે ફુગાવો હજુપણ ઊંચો પ્રવર્તી રહ્યો છે ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ડિસેમ્બરની બેઠકમાં વ્યાજ દર અંગે કેવો અભિગમ અપનાવે છે તેના પર બજારની નજર રહેલી છે. ઊંચા ફુગાવાને ધ્યાનમાં રાખતા આરબીઆઈ હજુપણ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવશે તેવો પણ એક મત પ્રવર્તી રહ્યો છે.

દેશનો ઓકટોબરનો રિટેલ ફુગાવો આરબીઆઈની ચાર ટકાની મર્યાદા ઉપરાંત છ ટકાથી વધુ રહી ૬.૨૦ ટકા રહ્યો છે, ત્યારે આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) વ્યાજ દર ઘટાડવાની પ્રક્રિયા શરૂ કરશે નહીં, પછી ભલે જીડીપી વૃદ્ધિ દર ઘટીને આવ્યો હોય એમ એક બેન્કરે જણાવ્યું હતું. એકતરફ ઊંચા ફુગાવા તથા બીજી બાજુ જીડીપીના નીચી વૃદ્ધિને જોતા ૪-૬ ડિસેમ્બર દરમિયાન યોજાનારી એમપીસી બેઠકમાં સભ્યો વચ્ચે મતમતાંતર જોવા મળવાની સંભાવના રહેલી છે.

# બનાસકાંઠામાં જાગીર મઠના મહંતને લઈને વિવાદ થયો

બનાસકાંઠા,

બનાસકાંઠાના કાંકરેજ સ્થિત થાળી જાગીર મઠના મહંત જગદીશપુરી બાદ હવે તેમના જાગીર મઠના મહંતને લઈને વિવાદ ઉભો થયો છે અને વિવાદ એટલો વધી ગયો છે કે છેલ્લા કેટલાક દિવસોથી મઠ પોલીસ છાવણીમાં ઘેરાયેલો છે. બનાસકાંઠાના કાંકરેજ સ્થિત થાળી જાગીર મઠના મહંત જગદીશપુરી બાદ હવે તેમના જાગીર મઠના મહંતને લઈને વિવાદ ઉભો થયો છે અને વિવાદ એટલો વધી ગયો છે કે છેલ્લા કેટલાક દિવસોથી મઠ પોલીસ છાવણીમાં ઘેરાયેલો છે. એક તરફ દેવ દરબારના મહંત બલદેવનાથ બાપુએ થરા જાગીરદાર સ્ટેટ સાથે મળીને શંકરપુરી મહારાજને ગુરુ ગાદી સોંપી છે, તો બીજી તરફ થાળી મઠ પાસેના ગામોના લોકોએ શંકરપુરી મહારાજ સામે વિરોધ નોંધાવ્યો છે અને કાર્તિકપુરી મહારાજને ચાદર ઓઢાડી છે. જેના કારણે વિવાદ ઉભો થયો છે. જોકે, મહંતને લઈને વિવાદમાં ફસાયેલા આ થાળી મઠમાં કાયદો અને વ્યવસ્થા બગડે નહીં તે માટે આ મઠને હવે પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. જાગીર મઠમાં અત્યાર સુધીમાં ૧૩ મહંતોએ ગુરુનું પદ સંભાળ્યું છે. બનાસકાંઠાના કાંકરેજ વિસ્તારમાં બનાસ નદી પાસે આવેલ થાળી જાગીર મઠ સદીઓ જૂનું ધાર્મિક સ્થળ છે. અને તે સ્થાનિક લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. જો કે આ જાગીર મઠમાં અત્યાર સુધી ૧૩ મહંતોએ ગુરુનું પદ સંભાળ્યું છે. જો કે, તાજેતરમાં આ મઠના લાંબા સમયથી પ્રભારી રહેલા મહંત જગદીશ પુરીનું ૧૯મી નવેમ્બરે હાર્ટ એટેકના કારણે નિધન થયું હતું. જો કે, મહંત દેવલોકના અવસાન પછી, તેમના નશ્વર દેહને મઠમાં જ સમાધિમાં અર્પણ કરવામાં આવ્યો હતો અને તે પછી, દેવદરબારના મહંત તરીકે તેમને ચાદરથી ઓઢાડીને ગુરુગાદી મહંત શંકર પુરીને સોંપવામાં આવી હતી. થરાદ રાજયના નિર્ણયનો વિરોધ દેવ દરબારના મહંત અને થરાદ રાજયના આગેવાનોએ ભલે મહંત શંકર પુરીને ગાદી સોંપી હોય, પરંતુ દેવ દરબાર અને થરાદ રાજ્ય દ્વારા લેવાયેલા આ નિર્ણય સામે આ મઠની આસપાસના ગામોના સ્થાનિક લોકોએ વિરોધ કર્યો હતો અને ૨૨ નવેમ્બરે હજારોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગામડાઓના લોકોએ થાલી જાગીર મઠમાં વિરોધ કર્યો અને તે દરમિયાન સ્થાનિક લોકોએ થાલી જાગીર મઠના મહંત કાર્તિક પુરીને મઠની બહાર સ્થાપિત કરવાનું નક્કી કર્યું અને તેમને ચાદરથી ઢાંકી દીધા. જો કે, આ પહેલા મહંત જગદીશપુરી દેવ દરબાર દ્વારા દેવલોક પહોંચ્યા હતા અને રાજગાદી આપતા પહેલા તેમના નશ્વર અવશેષો મહંત શંકરપુરીને સોંપવામાં આવ્યા હતા.

# તારાજીના ભયાનક દ્રશ્યોઃ તમિલનાડુમાં ત્રાટક્યું ફેંગલ વાવાઝોડું, ત્રણના મોત, અનેક વિસ્તારો જળમગ્ન




તમિલનાડુ અને પુડુચેરીમાં ફેંગલ વાવાઝોડાના કારણે ભારેથી અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. બંને રાજ્યોમાં તારાજીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત ૩ લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે. જો કે, હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ૩-૪ દિવસમાં વાવાઝોડું નબળું પડશે.

ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ઘ) અનુસાર, પુડુચેરી શહેરમાં ફેંગલ વાવાઝોડાના કારણે ભારે વરસાદ પડી રહ્યો છે, જ્યાં રવિવારે (પહેલી ડિસેમ્બર) ૧૯ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વર્ષ ૧૯૯૫-૨૦૨૪ દરમિયાન છેલ્લા ૩૦ વર્ષમાં ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. નોંધનીય છે કે, તમિલનાડુ અને પુડુચેરી પર આકાશ કાળા વાદળોથી ઢંકાયેલું છે.

તમિલનાડુ અને પુડુચેરીના ચેન્નાઈ અને આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે રસ્તાઓ પર વાહનોના લાંબા જામ થઈ ગયા હતા. સામાન્ય જનજીવનની સાથે બસ, ટ્રેન અને ફ્લાઈટને પણ અસર થઈ હતી. બચાવ ટીમ ફેંગલ વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા. પુડુચેરીના કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણીનું સ્તર ૫ ફૂટ સુધી પહોંચી ગયું હતું, જેમાં ફસાયેલા લોકોને બચાવવામાં આવ્યા હતા.

આંધ્ર પ્રદેશના દક્ષિણ ભાગમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ફેંગલ વાવાઝોડાની અસર જીઁજીઇ-નેલ્લોર, તિરુપતિ અને ચિત્તૂર જિલ્લાના કેટલાક સ્થળોએ જોવા મળી રહી છે. કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે ગાજવીજની પણ શક્યતા છે. હાલમાં, પુડુચેરી અને તમિલનાડુમાં લગભગ ૯૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

# અમદાવાદમાં ભંગારના વેપારી પર જી.એસ.ટી નો દરોડોમાં ૫૦ કરોડની કરચોરી પકડાઈ

અમદાવાદ,

રાજકોટમાં ડાયરેક્ટર જનરલ ગુડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સના અધિકારીઓએ ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના ભાઈની કંપની પર દરોડા પાડ્યા હતા. દરોડાનો આ રેલો અમદાવાદ પહોંચ્યો છે. રાજકોટમાં ડાયરેક્ટર જનરલ ગુડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સના અધિકારીઓએ ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના ભાઈની કંપની પર દરોડા પાડ્યા હતા. દરોડાનો આ રેલો અમદાવાદ પહોંચ્યો છે. સેન્ટ્રલ ય્જી્ ઈન્ટેલિજન્સ સુત્રોએ અમદાવાદના ઓઢવમાં ચેતન મેટલ વર્કસના માલિક પ્રદ્યુમનસિંહ હમીરસિંહ ચાવડાની ધરપકડ કરી છે. પ્રદ્યુમનસિંહ ચાવડા એક ટકા કમિશનના બદલામાં નકલી બિલ બનાવતા હતા. અમદાવાદમાં મેટલ સ્ક્રેપનો ધંધો કરતા ચાવડાએ આ રીતે રૂ. ૫૦ કરોડનો ય્જી્ ઉઘરાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પ્રદ્યુમ સિંહની ચેતન મેટલ માત્ર કોઈને સામાન પહોંચાડતી નહોતી. ખોટા બિલો બનાવીને ગેરકાયદેસર રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળતી હતી. ચાવડાની ધરપકડના એક દિવસ બાદ પ્રદ્યુમન સિંહની કરોડોની કરચોરીનો પર્દાફાશ થતાં રિમાન્ડ પર લેવાયા છે. સેન્ટ્રલ ય્જી્ ઈન્ટેલિજન્સ અધિકારીઓએ ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના ભાઈની કંપની આશાપુરા એન્ટરપ્રાઈઝ પર દરોડા પાડીને કરોડો રૂપિયાની ય્જી્ ચોરી શોધી કાઢી છે. આ કેસમાં માસ્ટરમાઈન્ડ કમલેશની પણ ધરપકડ કરવામાં આવી છે. આ મામલે તપાસ ચાલી રહી છે અને દરમિયાન ચાવડાનું નામ સામે આવ્યું છે. પ્રદ્યુમનસિંહ ચાવડા માત્ર અમદાવાદ એટલું જ નહીં ગુજરાતભરના અનેક વેપારીઓને એક ટકા કમિશન મેળવવા માટે બનાવટી બિલો આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. પોલીસે કબજે કરેલા દસ્તાવેજોના ચોપડે જે વેપારીઓના નામ આવ્યા છે તે પણ તેમાં છે. સેન્ટ્રલ ય્જી્ ઈન્ટેલિજન્સ અધિકારીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. સેન્ટ્રલ ય્જી્ ઈન્ટેલિજન્સ અધિકારીઓએ જણાવ્યું છે કે મેટલ સ્ક્રેપનો વેપાર કરતા ઘણા વેપારીઓ પણ આ રીતે ખોટા બિલ બનાવીને કરોડો રૂપિયાના ય્જી્ની ઉચાપત કરતા હોવાનું જાણવા મળ્યું છે.

# બુલડોઝર વડાપ્રધાન કે વડાપ્રધાન બુલડોઝર ?

ગિરધરભાઇ . કોઇ દેશમાં બુલડોઝર વડા પ્રધાન બન્યાનો કોઇ દાખલો તમારા ધ્યાન પર આવેલ છે?'' રાજુ રદીએ મને કર્યો.

" રાજુ બુલડોઝર પણ દેશના પ્રધાનમંત્રી હતા, તને ખબર છે? " મેં સવાલ સામે સવાલ પૂછયો.

" કોણ કોણ?''

રાજુ હેબતાયો.

રાજુ. ઇંગ્લેન્ડના પ્રધાનમંત્રી વિન્સટન ચર્ચિલને બ્રિટિશ બુલડોઝર કહે છે. જેણે બ્રિટનને બીજા વિશ્વયુદ્ધમાં વિજય અપાવેલો. રાજકારણી હોવા છતાં સાહિત્ય જગતનું સર્વોત્તમ પ્રાઇઝ નોબેલ મેળવેલ હતું.''મેં મારા પ્રશ્નનો જવાબ આપ્યો.

" ગિરધરભાઇ. મિસિસ બ્રેકઝીટ કોને કહે છે?'' રાજુના કોથળામાંથી સવાલો ખૂટતા ન હતા.

" ઇંગ્લેંન્ડના ૧૩ મા અને બીજા મહિલા પ્રધાનમંત્રીમે મિસિસ બ્રેકઝીટ કહે છે. જેણે યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનને અલગ કર્યું " મેં રાજુને કહ્યું!!

''ગિરધરભાઇ. લીટલ પોટેટો કોને કહે છે?'' રાજુએ ઉખાણું પૂછયું.

''રાજુ.કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોને લીટલ પોટેટો કહે છે.'' મેં રાજુને હુલામણા નામની વધુ જાણકારી આપી.

" હમમ્ . ગિરધરભાઇ જનરલ નોલેજ વધાર્યું છે. કાજુ ,બદામ,અક્કલકરો ખાવાનું શરૂં કર્યું છે કે કેમ??''

''રાજુ. તને એમ લાગે છે કે રામ ભગવાનની ચરણપાદુકા સિંહાસન પર મુકી ભરતજીએ અયોધ્યાને બદલે નંદિગ્રામમા ૧૪ વરસ રાજ ચલાવેલું તેમ કોઇ કોન્ટ્રેકટર બુલડોઝર ખુરશી પર મુકી( વાસ્તવમાં ખુરશી ચપ્પલનો ભાર-પ્રભાર સહન કરી શકે. પરંતુ, બુલડોઝરનો ભાર સહન કરી શકે નહી!!) પેલો સતયુગ હતો, આ કળિયુગ છે!!) રાજ કરી શકે નહી. તારી કોઇ સમજફેર થાય છે.'' મેં કહ્યું.

રાજુ રદીએ મારા હાથમાં પેપર કટિંગ થમાવ્યું .

મેં પ્રેસ કટિંગ ધ્યાનથી વાંચ્યું . મારા મગજમાં એલઈડી ઝબકી.

" રાજુ તું ફેંકમફેંક કરવાનું ક્યારે બંધ કરીશ.''મેં કહ્યું.

ગિરધરભાઇ. તમે જુઓ અહી લખ્યું છે ' બુલડોઝર ' ''રાજુએ સરકારી વકીલ જેવી રેતી વધારે અમે સિમેન્ટ નહીવત્ જેવી અધકચરી દલીલ કરી .

" જો ,રાજુ. ઉતર યુરોપમાં સ્વિડનનામનો રળિયામણો સ્કેનડીનેવિયન દેશ છે. જે જીદૃીકિે જૈંહીજ પરથી આવેલ છે.આ દેશની સ્થાપના સને ૯૮ માં રોમન સમ્રાટ ટેકટીસે કરી હતી.આ દેશનું જૂનું નામ સ્વીથીઓડ હતું.આ દેશ ૧૦૦૦ વરસથી સાર્વભૌમત્વ ધરાવે છે.સને ૧૮૦૯ થી રાજાશાહી ધરાવતું લોકતંત્ર છે. આ દેશની રાજધાની સને ૧૫૨૩ થી સ્ટોકહોમ છેબ્રિટનમાં પણ સમાન પ્રકારની રાજય વ્યવસ્થા છે. " મેં રાજુને વિગતો આપી.

" ગિરધરભાઇ. મેં સાંભળ્યું છે કે સ્વિડન દુનિયામાં સૌથી વધુ માથાદીઠ આવક ધરાવે છે. અલબત, કરવેરાનું માળખું - સ્લેબ ઉંચું છે!!'' રાજુએ વિગતોનું વમન કર્યું.

''રાજુ. સ્વિડનના પ્રધાનમંત્રી તરીકે પ્રથમવાર મહિલા મેગ્દ્લાના એન્ડરસન ચૂંટાઇ આવ્યા છે.જેનો જન્મ ૧૯૬૭ માં થયેલો.તેના પિતાજી આંકડાશાસ્ત્રના પ્રોફેસર અને મા શિક્ષિકા છે. એન્ડરસને અર્થશાસ્ત્રમાં માસ્ટર કર્યું છે. તે દેશના નાણામંત્રી હતા. મિડીયાએ તેને બુલડોઝર નામ આપ્યું છે!!'' મેં રાજુના સવાલનો પરપોટો ફોડી નાંખ્યો!!

રાજુ બુલડોઝર કચડી ન નાંખે તેની તકેદારી રાખતો તેના ઘરે પહોંચ્યો.

ભરત વૈષ્ણવ

# સૌને સ્વચ્છાગ્રહી બનવાની પ્રેરણા સાથે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૂજરાત વિદ્યાપીઠના પ્રાગણમાં શ્રમદાન કર્યું



રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગૂજરાત વિદ્યાપીઠ સંકુલની મુલાકાત દરમિયાન શ્રમદાન કર્યું હતું. મહાત્મા ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા. પૂજ્ય ગાંધીજી દ્વારા સ્થાપિત વિદ્યાપીઠમાં શ્રમદાન કરીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વચ્છતાની પ્રેરણા આપી સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત મિશન અભિયાન પ્રત્યે લોકોને જાગૃત કર્યા હતા.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં 'સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા'ની ભાવના જન-જનમાં વધુ સુદ્રઢ કરવા રાજ્યપાલશ્રીએ અનુરોધ કર્યો હતો.

# રાજકોટમાં ધોરાજી તાલુકાના તોરણીયા ગામની યુવતીની છરીના ઘા મારી હત્યા કરી

રાજકોટ,

ધોરાજી તાલુકાના તોરણીયા ગામની સીમમાંથી પસાર થતી શ્રમજીવી પરિવારની ૨૧ વર્ષીય યુવતીને છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. અને મોડી રાત્રે આ હત્યાથી બે ખેતર દૂર આજ ગામમાં રહેતા એક યુવાને ઝેર ગળી આત્મહત્યા કરી લેતા નવો વળાંક આવ્યો હતો. ધોરાજી તાલુકાના તોરણીયા ગામની સીમમાંથી પસાર થતી શ્રમજીવી પરિવારની ૨૧ વર્ષીય યુવતીને છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. અને મોડી રાત્રે આ હત્યાથી બે ખેતર દૂર આજ ગામમાં રહેતા એક યુવાને ઝેર ગળી આત્મહત્યા કરી લેતા નવો વળાંક આવ્યો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર યુવતી અને યુવક મામા અને કાકી છે. બનાવની પ્રાથમિક માહિતી મુજબ યુવતીના આધારકાર્ડ પરથી આ યુવતીનું નામ હરમિત જીવનલાલ ડાભી હોવાનું બહાર આવ્યું છે. યુવતીની ઉંમર ૨૧ વર્ષની છે. અને આધાર કાર્ડમાં તેનું સરનામું સુપેડી પાસેના રાયધરા પુલ પાસેના વિસ્તારમાં લખેલું છે. હાલ તે તોરણીયા ગામમાં રહેવા આવી છે. અને તે મજૂરી કામ કરે છે. આ યુવતી તોરણિયા ગામના સરહદી વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી ત્યારે એક યુવકે તેના પર છરી વડે હુમલો કર્યો હતો. અને છરી વડે ગરદન કાપી ગળું કાપી નાખ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે યુવતીની સગાઈની વાત હતી. જ્યારે આ ઘટના બની ત્યારે યુવતી લોહીથી લથબથ પડી હતી અને તેનું ગળું લટકતું હતું. ઘટનાને પગલે લોકો એકઠા થઈ ગયા હતા. કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા, જે આવીને યુવતીને ધોરાજી સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી. જ્યાં તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની માહિતી મળતા પોલીસ હોસ્પિટલ પહોંચી હતી. યુવતીની તપાસ દરમિયાન આધાર કાર્ડ મળી આવ્યું હતું, જેના કારણે નામની ઓળખ થઈ. આ હત્યા અને બનાવ પાછળનું કારણ જાણી શકાયું નથી. પરંતુ યોગાનુયોગ એ



છે કે આ જ ગામના જ્યોતિષી ટીડાભાઈ દેગામા નામના યુવકે યુવતીની જ્યાં હત્યા કરી હતી ત્યાંથી બે ખેતર દૂર જઈને ઝેર ગળી આત્મહત્યા કરી લીધી હતી. આ યુવક અને યુવતી મામા અને કાકી છે. અને બંને તોરણીયા ગામે રહે છે. પોલીસ હાલમાં આત્મહત્યા કરનાર યુવકની હત્યા અને યુવતીની હત્યા વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ અને હત્યામાં યુવકની સંડોવણી હોઈ શકે કે કેમ તે અંગે તપાસ હાથ ધરી છે. પોલીસે પરિવારજનોના નિવેદન લેવાનું શરૂ કર્યું છે.

# અમદાવાદમાં ભુપેન્દ્રસિંહ ઝાલા નીકળ્યો ગજબનો ખેલાડી ક્રિપ્ટોમાં કરોડોનું રોકાણ કયુ

અમદાવાદ,

મ્ઢ ફાયનાન્સિયલ સર્વિસના નામે ૬૦૦૦ કરોડથી વધુની છેતરપિંડીના કેસમાં ઝૈંઢ ક્રાઈમે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. જેમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ક્રિપ્ટો કરન્સી અને બિટકોઈનમાં કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું બહાર આવ્યું છે. મ્ઢ ફાયનાન્સિયલ સર્વિસના નામે ૬૦૦૦ કરોડથી વધુની છેતરપિંડીના કેસમાં ઝૈંઢ ક્રાઈમે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. જેમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ક્રિપ્ટો કરન્સી અને બિટકોઈનમાં કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું બહાર આવ્યું છે. આ સાથે પોલીસે રાજ્યના તમામ જિલ્લાઓની રજિસ્ટ્રાર કચેરીઓ પાસેથી માહિતી મંગાવી છે, જેથી એ જાણી શકાય કે ભૂપેન્દ્ર સિંહે બીઝેડ કંપની અને તેના નજીકના સંબંધીઓ અને વિશ્વાસુઓના નામે મિલકતોમાં કરોડો રૂપિયાનું રોકાણ કર્યું છે. લોકો આ સિવાય અન્ય ૧૦૦થી વધુ પીડિતોએ પોલીસનો સંપર્ક કરીને તેમની સાથે થયેલી મુદ્દાઓ અલગ કરીને અલગ-અલગ ટીમો બનાવી છે. ભૂપેન્દ્રસિંહ ઝાલાની વિવિધ ઓફિસમાં કામ કરતા યુવક-યુવતીઓના ૧૦થી વધુ પોલીસ કર્મચારીઓની ટીમે નિવેદન નોંધવાનું શરૂ કર્યું છે. ઝૈંઢ ક્રાઈમને એવી પણ માહિતી મળી છે કે ભૂપેન્દ્રસિંહે રોકાણકારો સાથે છેતરપિંડી કરીને કરોડો રૂપિયા કમાયા હતા, જેમાંથી મોટા ભાગનું રોકાણ તેણે ક્રિપ્ટો કરન્સી અને બિટકોઈનમાં કર્યું હતું.

# વડોદરા જિલ્લામાં ઈ-સરકારની કામગીરીમાં રાજ્યમાં ૪થા સ્થાને

વડોદરા,

કેન્દ્ર સરકારના ડિજિટલ ઈન્ડિયાના અભિયાનના અનુસંધાનમાં ઈ-સરકારના મોડ્યુલનો અમલ વડોદરા જિલ્લા વહીવટી તંત્ર કરી રહ્યો છે અને રાજ્યમાં અગ્રસ્થાને ઉભરી રહ્યો છે. કલેક્ટર કચેરી, પ્રાંત અને મામલતદાર કચેરીમાં ઈ-સરકારનો અમલ કરી સમગ્ર પત્ર વ્યવહાર ડિજિટલ કરવામાં આવ્યો છે. વડોદરા કલેક્ટર કચેરી દ્વારા તા. ૨૬ની સ્થિતિએ ૪૫૧૮૭ ઈ-ટપાલ અને ૨૧૦૬ ઈ-ફાઈલ ક્રિએટ કરવામાં આવે છે. આ બન્ને મળીને આમ ઈ-સરકારમાં કુલ ૪૭૨૯૩ ફાઈલ અને ઈ-ટપાલની કામગીરી થઈ છે. પ્રાંત કચેરીમાં ડભોઈમાં ૨૨૪૦, વડોદરા ગ્રામ્ય ૧૫૬૨, વડોદરા શહેરમાં ૧૫૫૬, કરજણમાં ૨૨૧૬ અને સાવલી પ્રાંતમાં ૩૪૫૯ ઈ-ટપાલ અને ઈ-ફાઈલની કામગીરી થઈ છે. મામલતદાર કચેરીમાં શીનોરમાં ૧૭૬૫, પાદરામાં ૨૦૩૭, ડભોઈમાં ૩૧૭૦, વાઘોડિયામાં ૧૪૦૨, કરજણમાં ૧૯૦૧, ડેસરમાં ૨૨૦૩, સાવલીમાં ૨૩૯૧, વડોદરા ગ્રામ્યમાં ૩૧૦૧, વડોદરા સાઉથમાં ૭૩૪, વડોદરા વેસ્ટમાં ૧૨૯૨, વડોદરા ઈસ્ટમાં ૯૩૫ તથા વડોદરા નોર્થમાં ૮૩૦ ઈ-ટપાલ અને ઈ-ફાઈલ ક્રિએટ કરવામાં આવી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS 351**
વિષયઃ અનુભૂતિ નો અહેસાસ
શીર્ષકઃ અહેસાસ તને હશે...
પ્રકારઃ પદ્ય શબ્દઃ ૯૦

તારી મુલાકાત અહેસાસ બનશે નહોતી ખબર,
રુદિયામાં તું છો સમાયેલો એનો અહેસાસ તને હશે.

સપનાની દુનિયામાં એક એહસાસ પ્રેમનો બનશે એ નહોતી ખબર,
મારી લાગણી મા પ્રેમ છે એનો અહેસાસ તને હશે.

ખોવાઈ ગયેલી મારી દુનિયામાં તું અહેસાસ બનશે નહોતી ખબર,
તને શોધવા મા ઝુરું એનો અહેસાસ તને હશે.

જાગીને રાત ભર તને યાદ કરીશ નથી ખબર,
મારી તરસતી આંખોમા તું છે એનો અહેસાસ તને હશે.

ચમકતા સુરજના કિરણો તુ બનશે નહોતી ખબર,
મારી વિરહની વેદના તું છે એનો અહેસાસ તને હશે.

તારી મુલાકાત, મુલાકાત એક અહેસાસ બનશે મને નહોતી ખબર...
જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO.0059**
વિષય.અનુભૂતિ નો અહેસાસ
પ્રકાર : હાઈકૂ -સાત શબ્દો ૭૫.

અનુભૂતિ નો
અહેસાસ માણવો
પ્યારે તે લ્હાવો !

જો પડછાયો ?
તો પ્યારે અનૂભૂતિ,
ને અહેસાસ

આંબો વાવે જે
તે પ્યારે મીઠાફળ
જરૂર ચાખે !

જીવન મા જે
જેણે વાવ્યુ છે પ્યારે
તે મળવાનુ ?

જીવન મંત્ર
મોજ કરાવે તેજ
પ્યારે,મોજીલો!

કર ભલા તુ
જગ ભલા હી ભલા
પ્યારે તૂ ભલા!

આનંદ આપી ?
પ્યારે,આનંદિત હુ?
અસલી જાદુ !

શ્ર? જયકાન્ત ઘેલાણી
★પ્યારે★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 345**
વિષયઃ અનુભૂતિનો અહેસાસ
શીર્ષકઃ શ્રધ્ધા
પ્રકારઃ પદ્ય - શબ્દોઃ૧૨૪

મારું હૈંડુ લાગણીનો દરિયો,આંખ મારી વરસતી વાદળી, ધીમા બોલને મૃદુ વાણી.

માતાપિતાની પ્રાણ પ્યારી હું લાડકડી,
કોમળ,નાજુક હું હતી મા-પિતાને ચિંતા કોરાતી.

મારું ઘરેણું લજ્જા, શરમને મર્યાદા મહેકતી,
ઓછા બોલી સૌની સગવડ ઘણી સાંચવતી.

ચાલ્યો સમય રેતી જેમ સરતો,લકિરો બદલાતી,
મનસૂબો મારો ફોલાદ જેવો, હું ગઈ ઘડાતી.

પાટુ મારીને પથ્થર તોડ્યા, મંજિલ હું પામતી,
અનુભૂતિનો અહેસાસ થયો, સાથે રહે ન કોઈ.

સત્યની સાથે રહે નહિં કોઈ એકલું જવાય પડી,
શૂન્યથી સર્જન કરતા દુઃખનો દરિયો જિંદગી.

મહા મુશ્કેલી તરતા આવ્યા ઉંડા મઝધારથી,
આંસુ,પીડાને દર્દની કોઈ સીમા ન હતી.

તિરસ્કારને મેણાંના મારની ઠોકર હતી,
દોરંગી દુનિયાના અનુભવે અહેસાસ જાણી.

લાગણી કહે છે હે પ્રભુજી તને હાથ જોડી,
મહેનત પૂજા, મનોબળ મક્કમ શ્રધ્ધા તારી.

હંસા ઝાલા "લાગણી"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષયઃ– અનુભૂતિનો અહેસાસ
શીર્ષકઃ– 'અનુભૂતિનો અભ્યાસ '
પ્રકારઃ– પદ્ય શબ્દોઃ– ૮૬

છે નામ મારું અનુભૂતિ, ને અહેસાસ થાય છે મારા થકી,
કડવાં ને મીઠાં વહેવારોથી, થાય છે આ મન દુઃખી.

વળી જવું વખતે જરૂર, એ સમજ આપું હું સાનથી,
વ્યાધિ અને ઉપાધિ કરી કરીને,થાય છે આ મન દુઃખી.

જાતી રહું છું હું આવીને, હાથતાળી દઈને હાથથી,
આશા ને તૃષ્ણા ના મરે, જાણીને થાય આ મન દુઃખી.

સંસારના સુખ-દુઃખમાં, અનુભવ થયા છે કેટલાં ?
અહેસાસના અભ્યાસથી, થશે તમારું આ મન દુઃખી.

જિંદગી બદલવા 'ધરતી'ને, મોકો મળ્યો છે આજથી,
છોડીને કાલ ઉપર કરવું નથી આ મારે મન દુઃખી.

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- અનુભૂતિનો અહેસાસ
શીર્ષક :- અનુભૂતિ અને પરમ ચેતના
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૧૩૭
જયાબાની આખરી વિદાય, માથે હાથ સ્નેહાશિષ અનુભૂતિ;
સર્વ ચહેરાઓમાં બા તું જ ચહેરો, થયો માતૃદર્શન અહેસાસ.

પછી તો પિતા જ બન્યા માતા પણ એ પિતૃપ્રેમની અનુભૂતિ, પિતાની કર્તવ્યનિષ્ઠા, શિસ્ત, સંયમ, ભક્તિ એ પિતૃદર્શન અહેસાસ.

મંજુલા-પુષ્પા બહેનોની રક્ષાબંધન અશબ્દ અનુભૂતિ, જીવન યાત્રામાં સીંચાયો નિઃસ્વાર્થ ભગિની અહેસાસ.

મનોરમા સંગ પ્રથમ મિલને જ ભવોભવની ઋણાનુબંધ અનુભૂતિ, તવ પરિવારપ્રેમ, તપ, ત્યાગ, સ્નેહ સેવા એ કરાવ્યો અનંત નો અહેસાસ.

કીરિટ પરમ પ્રિય મિત્ર કરાવી મૈત્રી ભાવ પવિત્ર ઝરણ અનુભૂતિ, સર્વ સ્વજનો, પ્રિયજનો, પરિવારજનોનો પામ્યો હૃદય પ્રેમ અહેસાસ.

પ્રાથમિક થી પી.જી સુધીના શિક્ષક સર્વે કરાવી જ્ઞાન અનુભૂતિ, પામ્યો શબ્દ સહજ, ગુરુ સંતોએ કરાવ્યો અક્ષર અનંત અહેસાસ.

સદૈવ ઉષા, સૂર્યદેવ કરાવે અસ્તિત્વ પરમ ચેતનાની અનુભૂતિ; હિમાલય, ગંગા, સોમનાથ, રામેશ્વર, આંદામાન અર્પે આનંદ અહેસાસ.

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-195**
વિષય :- અનુભૂતિ નો અહેસાસ
શીર્ષકઃ- "અહેસાસ છે"
પ્રકાર :- પદ્ય / શબ્દ :- ૮૦

શ્વાસ છે, વિશ્વાસ છે એનો જ અહેસાસ છે
અનુભવાય અનુભૂતિ અવિનાશીનો ખાસ છે

હાસ છે ને તાસ છે નિસર્ગ તણો ન્યાસ છે
અનુસરાય આભને તો અગણિત આભાસ છે

રાસ છે ને માસ છે મનગમતો માગશર માસ છે
વહેરાય વ્હાલ વરસ તો વેદનામાં પણ વાસ છે

ઉલ્લાસ છે વિલાસ છે અવનિ પર આકાશ છે
અનુભવાય અમૃત તો તૃણ ની ઉપર આસ છે

પાસ છે આસપાસ છે પ્રભુ અમૃત ની પાસ છે
ચચરાય ચિત્ત ચારેકોર તો ચિત્તચોરનો ચાસ છે

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO: 229**
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૧૦
વિષયઃ અનુભૂતિનો અહેસાસ
શિર્ષક : અતરંગી અહેસાસ

સમય સમયને માન છે,અને ઈશ્વરનું એવું ફરમાન છે, અનુભવ મોટો શિક્ષકછે,જે આ વાત માને, તેનું સદાય બહુમાન છે...!!!

સંસાર સાગર છે ખારો,પણ વિરડી , મીઠી મમતા છે,હોય માનવી ભલે નઠારો,સુધરે જો ઠોકરે, તો સૌને તે ગમતા છે!

પ્રેમ,શરમ, વિરહ ને મિલન,એ ઈશ્વરે સર્જેલી સ્વિકૃતિ છે,જો હોય સ્વેચ્છાએ તે સ્વીકાર, તો અદભુત તેની અનુભૂતિ છે...!

સુંદર સ્વરૂપે શોભે પ્રકૃતિ...! ઝળકે ઝાકળ તે વિશુદ્ધ છે,પહેલી નજરે પ્રેમ જો પાંગરે,તો અહેસાસ તેનો જીવને સમૃદ્ધ છે!

ઉષા કાળ તે શિશુ સમજીવન, યૌવન તે પવનપાવડી છે, ઘડપણ છે અનુભવનો નિચોડ, જીવન સાજનું તો ઝૂલતી નાવડી છે..!

વિવિધ ઉંમરના અતરંગી અનુભવો,સૌને સારા નરસા થાતા અનેક, રહેજે"પ્રપાશી" સદાય શીખતો, કીમતી ક્ષણ છે જીવનની હરેક !

કવિઃ "પ્રપશી " પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:201**
વિષયઃ અનુભૂતિનો અહેસાસ
શીર્ષકઃ સુખમય જીવનનો આધાર
પ્રકાર :પદ્ય શબ્દોઃ ૩૦૫

માનવીય શરીર કુદરતી અજાયબી છે. એમાં લાગણીશીલ હોવું સૃષ્ટિની સૌથી સુંદર અનુભૂતિ કહેવાય છે. આ લાગણીનો અનુભવ મનને પાંખો લગાવી પ્રફુલ્લિત કરી દે છે. પરંતુ વ્યક્તિની લાગણીઓ કોઈ પર હાવી થઈ વ્યક્તિનાં માન-સન્માનને ઠેસ પહોંચાડે ત્યારે દુઃખમાં પણ ફેરવાઈ શકે છે. આજનાઅં આધુનિક યુગમાં ઘર હોય કે ઓફિસ વધારે પડતાં લાગણીશીલ બનવું મૂર્ખામી ગણવામાં આવે છે.

લાગણી સુખમય જીવનનો આધાર છે. લાગણી વિનાનું જીવન શૂન્યસમ ભાસે. જીવ જન્મે ત્યારથી લાગણીનાં વહેણે વહેતો હોય એમાં જરાય અતિશયોક્તિ નથી. લાગણીનું વહેણ ઝરણાં જેવું હોય છે. "મા" થી શરૂ થતું લાગણીનું જળ પિતા, દાદાદાદી, ભાઈભાંડુ,મિત્રો જેવાં સંબંધોને સિંચતું ખળખળ વહેતું જ રહે છે. એ લાગણીનું વહેણ તો આપ્તજનોનાં કિનારા વચ્ચે વહેતું મીઠાશ છલકાવતું રહે છે.

લાગણીનું ઝરણું ધીરે ધીરે વહેતું લગાવરૂપી સરિતામાં પરિવર્તિત થાય છે. લાગણી વ્યક્તિ કે પશુ-પક્ષીમાં સંયમની સીમા બાંધી વહેતી રહે ત્યાં સુધી સૌને માટે સુખાકારી બને છે પરંતુ આભાર - નિહારીકા રવિયા લાગણીનો અતિરેક નદીમાં આવતાં પૂર જેવો થઈ જાય ત્યારે નુકસાન પણ કરી શકે છે. અતિશય લાગણી વ્યક્તિગત સ્વતંત્રતાનું હનન કરી શકે છે માટે જ લાગણીને સંયમ અને સમજદારીનાં બે કિનારા વચ્ચે જ વહેતી રાખવી જોઈએ.

લાગણી જીવનમાં મીઠાં જેવું કાર્ય કરે છે. ભોજનમાં સપ્રમાણ મીઠું ભોજનનો સ્વાદ વધારે છે પણ વધારે પડતું મીઠું ભોજનનો સ્વાદ બગાડે પણ છે. એવી જ રીતે વ્યવહારિક લાગણી જ સુખ,શાંતિ અને સંતોષનો ઓડકાર આપે છે.

લાગણીશીલ હોવું જરાય ખોટું નથી. લાગણીશીલ વ્યક્તિએ પોતાને કમજોર માનવાની જરૂર જ નથી. લાગણી જ લાગણીશીલ વ્યક્તિનું મજબૂત મનોબળ બને છે. ઈશ્વરનો ખરા દિલથી આભાર માની પોતાને ભાગ્યશાળી સમજવું કે મારું હૃદય સંવેદનાઓ, ભાવનાઓ, લાગણીઓ અનુભવી શકે છે. લાગણીશીલ વ્યક્તિઓ કુદરતની સૌથી વધુ નજીક હોય છે. લાગણીશીલ હોવું એટલે પ્રમાણિક હોવું. લાગણીમાં પ્રેમ જ સર્વોપરી હોય છે એટલે જ લાગણીશીલ વ્યક્તિઓને સંબંધો અને ભાવનાઓની સૌથી વધારે કદર હોય છે.

લાગણીશીલ લોકોનાં લીધે જ આ જગત જીવવા જેવું લાગે છે. જે દિવસે માનવ હૃદયમાંથી લાગણીનું ઝરણું સૂકાય જશે એ દિવસથી આ દુનિયા પણ સુખમય નહીં લાગે.

?? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : અનુભૂતિનો અહેસાસ
શીર્ષક : ત્યારે...પ્રકાર : પદ્ય
શબ્દો : ૮૩

દર્દના દરિયા છલકી પડશે,ત્યારે અહેસાસ થાસે.
તનેજ આત્મા તારી લડશે,ત્યારે અહેસાસ થાસે.

સામી છાતી તે દીધા, એ અમે હસીને સહી લીધા,
દગો પીઠ પાછળ મળશે, ત્યારે અહેસાસ થાસે.

સાચું કહી જૂઠું, જ્યારે પધરાવી જાસે કોઈ.
સૌ કર્મો તારા ફળશે, ત્યારે અહેસાસ થાસે.

વહેશે જ્યારે નેણથી, ગંગા, જમના બેઉ,
તુજ અશ્રુઓ રડશે, ત્યારે અહેસાસ થાસે.

ભલે છેતર્યા નજર સામે, કર્યું પારકાપણું તે.
તને મારું કહીને છળશે, ત્યારે અહેસાસ થાસે.

દશા મારી શું હતી!?, શા હતા મારા હાલ!?
"શૈલ" હૈયું તારું કકડશે, ત્યારે અહેસાસ થાસે.

શૈલેષ ભોઈ "શૈલ"

# ઠંડીમાં તસ્કરો બેફામ : શહેરામાં એક જ રાતમાં ત્રણ મકાનના તાળા તૂટ્યા, લાખોના ઘરેણા-રોકડની ચોરી



ગુજરાતમાં શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે પંચમહાલ જિલ્લાના શહેરામાં આવેલા અલગ અલગ વિસ્તારોમાં ત્રણ મકાનોને તસ્કરોએ નિશાન બનાવ્યા. જેમાં શહેરાના ગ્રીન પાર્ક સોસાયટી, મારૂતિ નંદન સોસાયટી અને વ્યાસવાળા વિસ્તારના ત્રણ મકાનોના તાળા તોડીને ચોરોએ ઘરમાં પ્રવેશ કર્યો અને સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમ સહિતના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.મળતી માહિતી મુજબ, પંચમહાલ જિલ્લાના શહેરામાં શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે તસ્કરો સક્રિય થયા છે. જેમાં ગઈ કાલે શનિવારની મોડી રાત્રિએ ઠંડીનો લાભ લઈને શહેરામાં ત્રણ અલગ અલગ વિસ્તારમાં બંધ મકાનોને ચોરોએ ટાર્ગેટ કર્યા હતા. જેમાં શહેરા વિસ્તારમાં ગ્રીન પાર્ક સોસાયટી, મારૂતિ નંદન સોસાયટીના બે મકાનોને સહિત વ્યાસવાળા વિસ્તારના એક મકાનના તાળા તોડીને તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા. આ પછી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રોકડની ચોરી કરીને તસ્કરો ભાગી ગયા હતા.

ગ્રીન પાર્ક સોસાયટીના એક મકાન માલિકે કહ્યું કે, અમે નડિયાદ ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા. મારા સ્ટાફના માણસો વહેલી પરોઢે ઉઠીને દુકાને ગયા હતા. ત્યારબાદ નવેક વાગે મારા માણસોને ઘરે જોવા જવાનું કહ્યું હતું. તો જાણવા મળ્યું હતું કે, મારા મકાનનું તાળુ તૂટેલું હતું. આ પછી તેમણે અમને ફોન કરીને જાણ કરી હતી.

# મંગળવારે બહુચરાજીમાં ધરાવાશે રસ-રોટલીનો પ્રસાદ, હજારો માઈભક્તો લેશે લાભ

મહેસાણાના બહુચરાજીમાં દર વર્ષની જેમ આ વખતે પણ મંગળવારે માઈભક્તોને રસ રોટલી અને અન્નકૂટનો પ્રસાદ વહેંચવામાં આવશે. હકીકતમાં, વલ્લભભટ્ટના માતાની ઉત્તરક્રિયા માટે જ્ઞાતિજનોએ રસ રોટલીનું ભોજન માગ્યુ હતું. જે માતાજીની કૃપાથી માગસર મહિનામાં રસ રોટલી ખવડાવવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધી દર વર્ષે રસ રોટલીનો પ્રસાદ ધરાવવામાં આવે છે. સામાન્ય રીતે માગશર મહિનામાં કેરી મળતી નથી. તેમ છતાં માતાજીના પરચા અને ચમત્કારોની કથા જીવંત રહે તેવા શુભહેતુથી બહુચરાજીમાં દર વર્ષની જેમ આ વર્ષે ત્રીજી ડિસેમ્બરે રસ રોટલીનું



આયોજન કરવામાં આવ્યું છે. મંગળવારે તમામ માઈભક્તો બહુચરાજીએ રસ રોટલી અને અન્નકૂટનો આનંદ લઈ શકશે. બહુચરાજી મંદિર ખાતે મંગળવારે સવારની આરતી બાદ વરખડીવાળા મંદિરે લાડુથી માતાજીનો ગોખ ભરવામાં આવશે. ત્યારબાદ ૧૦ વાગ્યે મુખ્ય મંદિર, વરખવાડીવાળા મંદિરે વલ્લભભદ્રની ગાદીએ અન્નકૂટ ધરાવાશે. ત્યારબાદ સવારે ૧૦ વાગ્યે મુખ્ય મંદિર, વલ્લભભદ્રની ગાદીએ અન્નકૂટ ધરાવવામાં આવશે. જેમાં ૩૧૦૦ લીટર કેસર કેરીનો રસ પણ ધરાવાશે.

# અમેરિકન કોન્સ્યુલેટ જનરલની ત્રણ પ્રબુદ્ધ મહિલા અધિકારીઓએ ગણપત યુનિવર્સિટીની લીધી વિશેષ મુલાકાત !



દેશ-વિદેશના અનેક માનવંતા અને પ્રતિભાશાળી મહેમાનોથી ગણપત યુનિવર્સિટીનું આંગણું હંમેશા પવિત્ર થયા કર્યું છે અને આ શુભ પરંપરામાં તાજેતરમાં ત્રણ વિદેશી મહિલાઓએ અતિથિ વિશેષ તરીકે પધારીને મૂલ્યવાન ઉમેરો કર્યો છે.

મુંબઈ ખાતેની અમેરિકાની કોન્સ્યુલેટ જનરલની ઓફિસની આ ત્રણ મહેમાન મહિલાઓના નામ છે -

પબ્લિક ડિપ્લોમસી ઓફિસર

સુ.શ્રી સીતા રાઇટર, ડોક્યુમેન્ટ એન્ડ કોન્ટ્રેકિંટગ ઓફિસર સુ.શ્રી કીર્તિ હલડન્કર અને અમેરિકન કોર્નરના ડિરેક્ટર સુ.શ્રી તેજલ વસાવડા.

આ ત્રણેય મહેમાનોની ગણપત યુનિવર્સિટીની મુલાકાતનો હેતુ ગણપત યુનિવર્સિટીના પચાસ હજાર જેટલા વૃક્ષોથી આચ્છાદિત પરિસર જોવા ઉપરાંત યુનિવર્સિટીની અનેકવિધ માળખાકીય શૈક્ષણિક સુવિધાઓ, સેન્ટર્સ ઓફ એક્સેલન્સીસ, કેમ્પસ ઉપરનું જહાજ, ૩૬૦ ડીગ્રી સિમ્યુલેટર, થ્રી-ડી પ્રિન્ટિંગ ઈક્વિપમેન્ટ્સ સહિત ઘણી શૈક્ષણિક વિશેષતાઓ નીરખવાનો અને પરસ્પર સહયોગની મહત્વપૂર્ણ સંભાવનાઓ ચકાસવાનો હતો.

મહેમાનોનું ભારે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને એમની સાથે ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ ( દાદા ), પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટ જનરલ પ્રો. ડો. શ્રી મહેન્દ્ર શર્મા, પ્રો વાઇસ પ્રો. ડો. શ્રી સત્યેન પરીખ, પ્રો. ડો. શ્રી સૌરભ દવે, યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડો. શ્રી ગિરીશ પટેલે વિચાર વિમર્શની બેઠક યોજી હતી જેમાં અમેરિકા અને ભારતના ઉદ્યોગો અને શિક્ષણ સંસ્થાઓ વચ્ચે કેવી રીતે

પરસ્પરનો સહયોગ સાધી શકાય એ વિશે વિષદ ચર્ચાઓ કરવામાં આવી હતી.

ઉપરોક્ત ચર્ચા-વિચારણામાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે જણાવ્યું હતું કે સેમિકન્ડક્ટરના ઉત્પાદનમાં અમેરિકા માટે ભારત એક વિશ્વાસપાત્ર અને સશક્ત ભાગીદાર-સહયોગી બની શકે તેમ છે. ગણપત યુનિવર્સિટીની બૌદ્ધિક પ્રતિભાને લક્ષમાં લઈને શ્રી ગણપતભાઈ પટેલે ઉમેર્યું હતું કે જો અમેરિકન કંપનીઓ ભાગીદારી માટે જોડાય તો મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ગણપત યુનિવર્સિટીનો સહયોગ એક શ્રેષ્ઠ વિકલ્પ બની શકે તેમ છે.

ગણપત યુનિવર્સિટીના

પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્માએ વિચાર વિમર્શમાં પોતાનો મત દર્શાવતા જણાવ્યું કે યુનિવર્સિટી જ્યારે પોતાના વિશેષ આયામ

× ઇન્ડસ્ટ્રી ઇન ઇન્સ્ટિટયૂટ× અને ×ઇન્સ્ટિટયૂટ ઇન ઇન્ડસ્ટ્રી × સાથે આગળ વધી રહી છે ત્યારે ઇન્ડસ્ટ્રીની જરૂરિયાત પ્રમાણે

× એકેડેમિક ઈનિશેટિવ'નો સારો સુમેળ સાધી શકાય એમ છે. અત્યારે ગણપત યુનિવર્સિટી શૈક્ષણિક ક્ષેત્રે ×ઇન્ડિયા-અમેરિકા × સહયોગનું એક શ્રેષ્ઠ સ્થાન બની ઉભરી રહી છે જેના કારણે યુનિવર્સિટી દરેક ઉદ્યોગ ક્ષેત્ર માટે સર્જનાત્મક ઉકેલો ઓફર કરવા સજ્જ છે !

અમેરિકન કોન્સ્યુલેટ જનરલની મુંબઈ ખાતેની ઓફિસના ઊંચા દરજ્જાના મહિલા અધિકારીઓની આ મુલાકાતમાં યુનિવર્સિટીના ફ્યુચર ટેકનોલોજી વિભાગના ડીન પ્રો.ડો.રાકેશ વણઝારાએ એક પ્રેઝન્ટેશન દ્વારા ગણપત યુનિવર્સિટીના એડવાન્સમેન્ટ્સ અને સંભવિત તકોની માહિતી પૂરી પાડી હતી જે સહયોગ માટે મહત્વની હોય !

# સદભાવના બળદ આશ્રમમાં ૧૬૦૦ બળદોને આશ્રય



સદભાવના બળદ આશ્રમ દ્વારા બળદોની જીંદગી બચાવવા અપીલ કરવામાં આવી છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં કરી શકાય છે. તેઓ સ્વભાવે શાંત, કામગરા હોય છે. પ્રાચીન કાળમાં પણ જયારે સાધનોની શોધ થઈ નહોતી, ત્યારે મુસાફરી કરવા તેમ જ માલસામાનની હેરફેર કરવા માટે બળદગાડાનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. આમ તો બળદ આપણી સંસ્કૃતિનો વારસો કહેવાય. ઈશ્વરની આવી દુલર્ભ દેન ગૌ વંશ બળદને સદભાવના વૃધ્ધાશ્રમ જીવનભરનો આશ્રય આપશે. ગુજરાતના કોઈપણ ગામ-શહેર, હાઈવે પર બળદ છુટા, રખડતા, લાચાર—બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદભાવના વૃધ્ધાશ્રમને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ-તરસ—બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૧૬૦૦ જેટલા બળદોને સદભાવના બળદ આશ્રમ ખાતે આશરો અપાયો છે. જો કોઈ વ્યકિતને આવા કોઈ નિરાધાર બળદ દેખાય તો સંસ્થા દ્વારા ફોન કરીને જાણ કરવાની વિનંતી કરવામાં આવી છે. સદભાવના બળદ આશ્રમ, કાલાવડ રોડ,ખીરસરા અને દેવગામની ધાર, ગુફેશ્વર મહાદેવનું મંદિર,ભૂમિ એગ્રોની પાછળ,રાજકોટ ખાતે કાર્યરત છે.

# ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે વિદાયમાન સમારોહ



આજરોજ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનની વહીવટી કચેરી ખાતે વહીવટીતંત્ર દ્વારા આયોજીત વિદાયમાન સમારંભમાં જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા વયમર્યાદાને કારણે નિવૃત્ત થનાર કાર્યપાલક ઇજનેર શ્રી એચ.કે.મજીઠીયા તથા નાયબ ઇજનેર સર્વ શ્રી જી. જે.પ્રજાપતિ અને શ્રી એમ.એસ.પટેલ ને પ્રશસ્તિ પત્ર અને સ્મૃતિચિન્હ આપી શુભેચ્છા આપવામાં આવી હતી.આ પ્રસંગે મુખ્ય ઇજનેર શ્રી પી.બી.પટેલ તથા એશોસીએશનના હોદ્દેદારો એડી.જનરલ સેક્રેટરી સર્વશ્રી એ.ઝેડ. લીબાચીયા અને એમ.જે.પટેલ તથા ડીવીઝનલ સેક્રેટરી શ્રી એન.એસ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.ઝેડ. લિંબચિયા

# અમદાવાદના સોનિત રાજપુરોહિતે ગ્લોબલ ટ્રેડિંગ ચેલેન્જર્સની ટીમનું નેતૃત્વ કરીને રાષ્ટ્રનું નામ રોશન કર્યું



અમદાવાદ : અમદાવાદના સોનિત રાજપુરોહિત જે રોટેરિયન શૈલેન્દ્ર પુરોહિત અને રોટેરિયન નિધિ પુરોહિતના પુત્ર છે એમને તાજેતરમાં ૨૦૨૪ બ્લૂમબર્ગ ગ્લોબલ ટ્રેડિંગ ચેલેન્જમાં ભારતના ક્રાઇસ્ટ યુનિવર્સિટી - બેંગ્લોરમાંથી ટીમ ડોજીની કેપ્ટનશીપ કરી હતી અને વૈશ્વિક સ્તરે ૪૬ દેશોની ૨,૪૫૩ ટીમો સામે સ્પર્ધા કર્યા બાદ, વૈશ્વિક સ્તરે ૪થી, એશિયામાં ૨જી અને ભારત દેશમાં ૧લી ટીમનું ખિતાબ જીત્યા હતા. ટીમ દોજીમાં થી સોનિત રાજપુરોહિત (કેપ્ટન), યુવરાજ સુરેકા, ખિતિશ પરિદા, ક્રિશ કોઠારી, ઈશાન કેડિયા અને ફેકલ્ટી એડવાઈઝર શ્રી યુગાંતર સિંહના આ ભારતીય ટીમે સ્પર્ધા દરમિયાન ઈ૭૨૭,૭૯૮ નો અકલ્પનીય અંતિમ નફો અને ૭૨.૭% વળતર મેળવ્યું અને વૈશ્વિક સ્તરે ૪થું સ્થાન મેળવ્યો. દેશભરમાંથી ખ્યાતનામ કોલેજો જેવા કે આઈઆઈએમ અને IIT ના ઘણા વિદ્યાર્થીઓ એ પણ આ સ્પર્ધામાં જોડાયા હતા પણ ટોપ ૧૫૦ યુનિવર્સીટીમાં ખાલી આ ટીમ એ ભારત ને ગૌરવ અપાયું હતું જે આ ટીમના કૌશલ્ય, સમર્પણ અને શ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર છે. અમદાવાદના સોનિત શૈલેન્દ્ર રાજપુરોહિત (ટીમ કેપ્ટન) જે નાનપણ થી શ્રી શ્રી રવિશંકર વિદ્યા મંદિર, ગોદાવી, અમદાવાદના વિદ્યાર્થી પણ હતા એમને શેર કર્યું, "બ્લૂમબર્ગ સ્પર્ધામાં ચોથો વૈશ્વિક રેંક ઘરે લાવવા માટે ટીમના યોગ્ય સંચાલન અને સરળ કાર્યની ખાતરી કરવાની મારી જવાબદારી હતી.

# ભૂતપૂર્વ વિધાથી ૧૯૭૫ ૨ ૭૬ સ્કૂલના વિદ્યાર્થીઓ નુ નવ વર્ષ નુ સ્નેહ મિલન યોજાયુ



ભૂતપૂર્વ વિધાથી ૧૯૭૫ ૨ ૭૬ સ્કૂલ ના વિદ્યાર્થીઓ નુ નવ વર્ષ નુ સ્નેહ મિલન યોજાયુ .

તાજેતર મા વેસ્ટર્ન હોટલ ખાતે દિવાન બલ્લુભાઈ સ્કૂલ ના ૧૯૭૫ ૨૭૬ ના વિદ્યાર્થીઓ જે આજે સિનિયર સિટીઝન છે જેમા ડોક્ટર. વહેપારી .સામાજિક સંસ્થા ઓ સાથે ઉચ્ચ સ્થાન સાથે જોડાયેલા છે જે સમાજ અને સોસાયટી સેવા કાર્ય કરી રહ્યા છે ત્યારે આ કાર્યક્રમ આજના સમય મા સંબંધ અને મિત્રતા જીવીત હોય સારા કાર્ય કરી જીવન સફળ બનાવી શકાય છે

# જામનગરની સાધના કોલોનીમાં અતિ જર્જરિત એવા વધારે ૪ બ્લોકના ૪૮ ફ્લેટનું ડિમોલીશન કરાયું

જામનગરની સાધના કોલોની વિસ્તારમાં આવેલા વધુ ચાર જર્જરીત બ્લોકના ૪૮ ફ્લેટનું ડિમોલેશન કરાયું હતું, અને મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ બુલડોઝર ફેરવી વધુ ચાર બ્લોકને જમીનદોસ્ત કર્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૪૨ બ્લોકના ૫૦૪ ફ્લેટ તોડી પડાયા છે, જ્યારે હજુ ૧૫ બ્લોક અતિ જર્જરિત હોવાથી નોટિસ આપી તેને પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.જામનગરમાં ગઈકાલે શનિવારે નવી સાધના કોલોનીમાં હાઉસીંગ બોર્ડ દ્વારા મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની મદદથી વધુ ૪ બ્લોક્સનું ડિમોલીશન કરવામાં આવતા હાઉસીંગ બોર્ડ દ્વારા ખાલી કરાવીને તોડી પડાયેલા બ્લોક્સની સંખ્યા ૪૨ ઉપર પહોંચી છે.



ગત વર્ષે તા.૧૩મી જુને હાઉસીંગ બોર્ડની નવી સાધના કોલોનીનો બ્લોક નંબર એમ-૬૯નો અડધો ભાગ તુટી પડતાં એક સગર્ભા મહિલા, તેના પતિ અને પુત્રીનો ભોગ લેવાયો હતો. બાદમાં જેના સામે સતત નબળા બાંધકામની વર્ષોથી ફરિયાદ ઉભી છે. તેવા હાઉસીંગ બોર્ડના અધિકારીઓ દ્વારા સાધના કોલોનીના તમામ ફ્લેટ ધારકોને ઈમારત જર્જરિત હોવાથી ખાલી કરીને અન્ય સ્થળે ચાલ્યા જવાની નોટીસો આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી. અને સાથે સાથે જયાં બ્લોક પડી ગયો હતો તે બ્લોકના બાકીના હિસ્સા અને તેની આસપાસના બ્લોક્સ દુર કરવાની કાર્યવાહી પોલીસને સાથે રાખીને કરવામાં આવી હતી. જે બાદ કટકે-કટકે બે, ચાર, છ, દસ, બાર બ્લોક્સના ડિમોલીશન હાથ ધરવામાં આવ્યા હતા.

દરમિયાન ગઈકાલે શનિવારે કોર્પોરેશનના એસ્ટેટ વિભાગના ઈજનેર નિતિનભાઈ દિક્ષિત, દબાણ નિરિક્ષક અનવરભાઈ ગજણ, ઉપરાંત સુનિલભાઈ ભાનુશાળી, યુવરાજસિંહ ઝાલા વગેરે ની ટીમની મદદથી હાઉસીંગ બોર્ડ દ્વારા બ્લોક નંબર-૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦ એમ કુલ ચાર બ્લોક્સનું ડિ

મોલીશન કરવામાં આવ્યું હતું. હવે આ કોલોનીમાં ડિમોલીશન કરાયેલા બ્લોક્સની સંખ્યા ૪૨ ઉપર પહોંચી છે. જયારે હજુ ૧૫ બ્લોક અતી જર્જરીત હોવાથી હાઉસિંગ બોર્ડ ની ટીમ દ્વારા નોટિસ પાઠવવામાં આવી રહી છે, અને નજીકના ભવિષ્યમાં જ તે તમામ બ્લોકસ ને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

# દાંતા તાલુકામાં વાહન ચાલકો જીવનાં જોખમે લોકોને કરાવી રહ્યા છે મોતની મુસાફરી

બનાસકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસના હપ્તાઓથી ચાલે છે મોતનીસવારી,પોલીસની શિખામણ જાપા સુધી દાંતા તાલુકાની વાત કરવામાં આવે તો દાંતા તાલુકો એક પછાત તાલુકા તરીકે ઓળખાય છે ત્યારે દાંતા તાલુકાના અમુક છેવાડા ગામોમાં બસોની સુવિધા અપૂર્તિ હોવાના કારણે લોકોને મોતની મુસાફરી કરવી પડતી હોય છે ત્યારે દાંતા તાલુકામાં જિલ્લા ટ્રાફિક પોલીસ દર મહિને ઉઘરાણા કરીને જતી રહેજે પરંતુ લોકો પોતાના જીવને જોખમમાં મૂકીને જે વાહન ચાલકો લોકોને મોતની મુસાફરી કરાવી રહ્યા છે ત્યારે એક તરફ જિલ્લા ટ્રાફિકના પીઆઈ લોકોને સાવચેતી રાખવા માટે અપીલ કરતા હોય છે કે લોકોને પ્રમાણીકતા કરતા વધુ પેસેન્જર ન ભરવા અને ગાડીના ઉપર કે આજુબાજુ લટકાવવા ન પરંતુ જે ચાલકો વાહનો ની ઉપર નીચે ઘેટા બકરાની જેમ પેસેન્જર



ભરીને મોતની મુસાફરી કરાવતા હોય છે ત્યારે આ લોકો પાસેથી દાંતા તાલુકાની ટ્રાફિક પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસ માત્રને માત્ર હપ્તાના ઉઘરાણા કરાવવામાં રસ ધરાવે છે અને લોકો ગાડીના ઉપર બેસાડી લોકોના જીવ પણ જતા હોય છે પરંતુ પોલીસ તંત્ર જ્યારે હાથ ઉપર હાથ લઈને બેઠું હોય છે દર મહિને હપ્તાઓ લઈને સંતોષ માનતા હોય છે પરંતુ જે વાહન ચાલકો પાસે લાયસન્સ કે વીમા પોલિસી જેવા અન્ય ડોક્યુમેન્ટ પૂરતા નથી હોતા તેમ છતાં પણ ટ્રાફિક પોલીસ દ્વારા આજ સુધી કોઈના વાહનોના કાગળો ચેક કરવામાં આવતા નથી અને દર મહિને દાંતા તાલુકામાં આવીને જિલ્લા ટ્રાફિક પોલીસ તેમના વહીવટીયાઓને હપ્તાઓનું સેટિંગ કરીને હપ્તાઓના ઉઘરાણા કરીને જતી રહે છે પરંતુ આવા લોકો ના જીવ જશે તો જવાબદારી કોની રહેશે ત્યારે મોતની મુસાફરી કરનારા ઉપર હવે કાર્યવાહી કરવામાં આવશે કે નહી આવનારો સમય બતાવશે

# આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ક્લિનીકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક યોજાઇ



આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગઇ કાલે તા. ૩૦ ડિસેમ્બરના રોજ ગાંધીનગર ખાતે ક્લિનીકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની પ્રવર્તમાન જોગવાઇઓ , આ અધિનિયિમ હેઠળ જરૂરી સુધારા અને પ્રવર્તમાન સમયમાં થઇ રહેલ હોસ્પિટ્લસના રજીસ્ટ્રેશન સંદર્ભેની વિગતવાર સમીક્ષા કરાઇ હતી.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, તા. ૧૨ મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હોસ્પિટલ્સ એ આ અધિનિયિમ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે. સમયઅવધિમાં રજીસ્ટ્રેશન ન હોય તેવી આરોગ્યસંસ્થાઓ સામે નાણાકીય કાર્યવાહી ઉપરાંત કાયદાકીય સખ્ત પગલા ભરવામાં આવશે .

રાષ્ટ્રીય, રાજય અને જિલ્લા સ્તરે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન?ટની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખુબ જ જરૂરી છે. રજીસ્ટ્રેશન સિસ્ટમ દાખલ કરીને અયોગ્ય પ્રેક્ટિશનરો દ્વારા ઊંટવૈદું રોકી શકાશે તેમ મંત્રી શ્રી એ ઉમેર્યુ હતુ.

આ અધિનિયમની કડક અમલવારીના પરિણામે ઉપચાર પધ્ધતિ પર અસરકારક નિયમન તશે તેમજ હિતધારક ભાગીદારી અને ઉપચાર પદ્ધતિઓ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધરશે. કાયદા હેઠળ, નોંધણી ફરજીયાત છે અને માન્ય તબીબી પદ્ધતિઓ માટે જ મંજૂર છે. જે તાત્કાલિક આરોગ્ય પરિસ્થિતિઓમાં વધુ સારા સંચાલન અને નોંધણીમાં સુધારો લાવશે.

આ એક્ટ અંતર્ગત તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. ક્લિનિક સંસ્થાઓના તમામ પ્રકારની ઉપચારાત્મક અને ડાયગ્નોસ્ટિક સેવાઓ માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત છે

એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી, સિધ્ધ અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ પણ રજીસ્ટ્રેશન ફરજીયાત પણ કરાવવું

અત્યારસુધીમાં તા. ૨૮નવેમ્બર ૨૦૨૪ ની સ્થિતિએ રાજયની ૫૫૩૪ આરોગ્ય સંસ્થાઓએ કાયમી રજીસ્ટ્રેશન કરાવ્યું છે.જેમાં ૨૩૨૮ સરકારી, ૩૦૧૫ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

જેમાં ૪૦૧૮ એલોપેથી, ૧૮૫ આયુષ હોસ્પિટલ્સ, ૪૩૭ હોમિયોપેથી , ૭૭ ડેન્ટલ ક્લિનીક, ૧૦૮ ઇ.એસ.આઇ.સી. હોસ્પિટલનો છે. ૫૦ થી ઓછી પથારી ધરાવતી ૪૬૦૧ અને ૫૦ થી વધુ પથારી ધરાવતી ૩૨૨ હોસ્પિટલ્સે અત્યારસુધીમાં આ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.